# ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્સન યોજનાની વૃદ્ધોના સામાજિક-આર્થિક જીવન પર અસર: તાપી જિલ્લાનો અભ્યાસ

**Yash Rana**

**Research Scholar,**

**Department Of Economics,**

**Veer Narmad South Gujarat University, Surat**

**Email:- Yashrana8667@gmail.com**

## અમૂર્ત

વસ્તીને મુખ્યત્વે 3 ભાગોમાં વહેચી શકાય છે બાળકો, યુવા અને વૃદ્ધો. આ પૈકી વૃદ્ધ વસ્તીએ વસ્તીનો એક એવો ભાગ છે જેને દેશના વિકાસમાં પોતાનો અમુલ્ય ફાળો આપ્યો છે. વૃદ્ધત્વએ એક કુદરતી ઘટના છે. કોઈ પણ દેશમાં જયારે વસ્તીના માળખામાં પરિવર્તન આવે છે ત્યારે તેની ચોક્કસ અસરો દેશના વિકાસ પર થાય છે. ભારત દેશના સંદર્ભે જોઈએ તો દેશમાં વર્ષ 2011 માં વૃદ્ધોની વસ્તી 100 મિલિયન હતી જે વર્ષ 2036 સુધીમાં 230 મિલિયન થવાનો અંદાજ છે. દેશમાં આરોગ્ય ક્ષેત્રે થયેલ વિકાસના પરિણામે અપેક્ષિત આયુષ્યના પ્રમાણમાં વધારો થયેલ છે પરિણામે વૃદ્ધ વસ્તીં પ્રમાણ પણ વધતું જોવા મળે છે. વૃદ્ધાવસ્થા જીવનનો એક તબક્કો છે આ તબક્કામાં વૃદ્ધોને અનેક પડકારોનો સામનો કરવો પડે છે ઉદાહરણ તરીકે આવક ઉપાર્જન નહિ હોવાથી અન્યો ઉપરની આધારિતતા પરિણામે તેઓના આત્મસન્માન અને સુખાકારી ઉપર અસર થાય. વધુમાં ઉમરના સાથે શારીરિક માનસિક પ્રશ્નો વગેરે. દેશમાં વૃદ્ધોના સલામતી અને કલ્યાણ માટે અનેકો પ્રયાસ અવાર-નવાર સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ છે જે પૈકીનો એક પ્રયાસ છે ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્સન યોજના. આ યોજના બંધારણના મૂળભૂત સિદ્ધાંતની કલમ ૪૧ થી પ્રેરિત છે. યોજના અંતર્ગત BPL વૃદ્ધ નાગરિકો માનપૂર્વક જીવી શકે તેવા હેતુથી તેઓને નિયમિત માસિક પેન્સન આપવામાં આવેલ છે. પ્રસ્તુત સંશોધન લેખમાં ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્સન યોજના વૃદ્ધોની સામાજિક-આર્થિક પરિસ્થિતિ સુધારવામાં યોગદાન આપે છે કે નહિ તે તપાસવાનો પ્રયાસ હાથ ધરવામાં આવેલ છે. આ અભ્યાસ તાપી જીલ્લાના વ્યારા, વાલોડ, સોનગઢ અને ઉચ્છલ તાલુકાના સંદર્ભે કરવામાં આવેલ છે. અભ્યાસમાં કુલ 479 જેટલા વૃદ્ધોને આવરી લેવામાં આવેલ છે. વધુમાં સંશોધક જણાવે છે કે પેન્સન યોજનામાં જોડાયા બાદ વૃદ્ધોની અન્યો ઉપરની આધારિતતા ઘટેલ છે તેમજ કુટુંબના સભ્યો વૃદ્ધો સાથે વધુ સારું વર્તન કરતા થયા છે. યોજનામાં જોડાયા બાદ મોટાભાગના વૃદ્ધોના જીવનમાં પરિવર્તન આવેલ છે. વૃદ્ધો બચત કરતા પણ થયા છે. વૃદ્ધોના નાણાકીય સમાવેશનમાં પણ આ યોજના મહત્વની ભૂમિકા ભજવે છે. પેન્સનની મોટાભાગની રકમ વૃદ્ધો ઘરખર્ચ માટે છે.

## પ્રસ્તાવના

દેશમાં વૃદ્ધોના કલ્યાણ માટે સરકાર દ્વારા કરવામાં આવેલ અનેક પ્રયાસોમાનું એક પ્રયાસ છે ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્સન યોજના. દેશમાં 1995 માં શરુ કરાયેલ રાષ્ટ્રીય સામાજિક સહાયતા કાર્યક્રમનો એક મહત્વનો ભાગ છે ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્સન યોજના જે બંધારણના મૂળભૂત સિદ્ધાંતની કલમ ૪૧ થી પ્રેરિત છે. આ કલમમાં રાજ્યને નિરાધાર, બેરોજગાર,

વૃદ્ધ તેમજ અશક્ત નાગરિકોને સહાય આપવાનું સુચવામાં આવેલ છે. ગરીબીમાં જીવન જીવતા વૃદ્ધ નાગરિકોને ન્યુનતમ આર્થિક સુરક્ષા મળી રહે અને તેઓ પણ માનભર્યું જીવન જીવી શકે તે આ યોજનાનો મૂળ ઉદેશ્ય છે. આ યોજના અંતર્ગત BPL વૃદ્ધ નાગરિકોને નિયમિત માસિક નાણાકીય સહાય આપવામાં આવે છે કે જેથી તેઓ ગૌરવપૂર્વક જીવન જીવી શકે. આ યોજના ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં કાર્યરત છે. (PIB Headquarters, n.d.), (Year End Review 2024, n.d.)

સમયાન્તરે આ યોજનાના માપદંડોમાં આવશ્યક સુધારાઓ પણ કરવામાં આવેલ છે. કેન્દ્ર સંચાલિત આ ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્સન યોજનામાં રાજ્ય સરકારો પણ પોતાનું યોગદાન આપે છે. અલગ અલગ રાજ્યોએ આ યોજના અંતર્ગત મળનાર પેન્સનની રકમમાં ટોપ-અપ સહાય વધારીને વધુ પેન્સન વૃદ્ધોને મળે તેવા પ્રયાસો કરેલ છે. વધુમાં કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારોને યોજનાના અમલીકરણમાં ફેરફાર કરવાની સ્વતંત્રતા પણ આપવામાં આવેલ છે. ગુજરાત રાજ્યના સંદર્ભે જોઈએ તો રાજ્યમાં પ્રવર્તમાન સમયે 60-79 વર્ષની વયજૂથના વૃદ્ધોને માસિક 1000 રૂપિયા જેટલું પેન્સન અને 80 તેમજ 80 થી વધુ વય ધરાવનાર વૃદ્ધોને માસિક 1250 રૂપિયા જેટલી પેન્સનની સહાય આપવામાં આવે છે. (Director, Social Defense, n.d.) આમ આ ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્સન યોજના જેમાં કેન્દ્ર સરકાર માર્ગદર્શન, નીતિ અને આંશિક નાણા પુરા પાડે છે જયારે રાજ્ય સરકારો અમલીકરણની વ્યવસ્થા અને વધારાની નાણાકીય સહાય પૂરી પાડે છે.

7 નવેમ્બેર 2025 ના રોજ પ્રસિદ્ધ થયેલ PNB ના રીપોર્ટ મુજબ દેશમાં રાષ્ટ્રીય સામાજિક સહાયતા કાર્યક્રમના કુલ લાભાર્થીઓ 3.09 કરોડ છે.(Year End Review 2024, n.d.) આ 3.09 કરોડ પૈકી સૌથી વધુ એટલે કે ૨૨૧ લાખ વૃદ્ધ લાભાર્થીઓ છે જેઓએ ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્સન યોજના સાથે સંકળાયેલ છે. આમ NSAP ના કુલ લાભાર્થીઓ પૈકીના મોટાભાગના એટલે કે 75 ટકા લાભાર્થીઓ ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્સન યોજનાના લાભાર્થીઓ છે. (PIB Headquarters, n.d.), વધુમાં ગુજરાત રાજ્યમાં આ યોજના અંતર્ગત નોધાયેલ કુલ લાભાર્થીઓની સંખ્યા 6,18,799 છે જયારે ગુજરાત રાજ્યના તાપી જીલ્લામાં આ યોજના સાથે સંકળાયેલ વૃદ્ધોનું પ્રમાણ 17479 જેટલું છે. (23/11/2025 ના રોજની માહિતી મુજબ)

## સંદર્ભ સાહિત્યની સમીક્ષા

રાજન (2001)એ ભારતમાં વૃદ્ધો માટે સામાજિક સુરક્ષા પર પ્રારંભિક વ્યાપક અભ્યાસો પૈકીનો એક હાથ ધર્યો હતો, જેમાં સાર્વત્રિકીકરણના પ્રયાસો પહેલાં પેન્શન યોજનાઓના અમલીકરણમાં રહેલી ખામીઓની તપાસ કરવામાં આવી હતી. અભ્યાસે દર્શાવ્યું કે પરંપરાગત પેન્શન કાર્યક્રમો મુખ્યત્વે અમલદારશાહી અવરોધો અને ગ્રામીણ સમુદાયોમાં જાગૃતિના અભાવને કારણે પાત્ર વૃદ્ધ વસ્તીના 10% કરતાં ઓછા લોકો સુધી પહોંચ્યા હતા. સંસોધકે જણાવ્યું હતું કે જરૂરિયાત ધરાવનાર વૃદ્ધને યોજનામાંથી બાકાત રાખવાના પરિણામે ગરીબીનું ચક્ર નાબુદ થતું નથી.

શ્રીવાસ્તવ અને મોહંતી (2012)એ IGNOAPSના લિંગ-વિશિષ્ટ પરિણામોની તપાસ કરી હતી, અને જાણ્યું કે મહિલા લાભાર્થીઓએ ઘરગથ્થુ નિર્ણય લેવાની સત્તામાં વધુ સાપેક્ષ સુધારો અનુભવ્યો હતો અને આર્થિક દુરુપયોગ પ્રત્યે સંવેદનશીલતા ઓછી થઈ હતી. અભ્યાસે ચાર રાજ્યોમાં મિશ્ર પદ્ધતિઓનો ઉપયોગ કર્યો હતો, જેમાં દર્શાવ્યું કે નિયમિત પેન્શન આવક, જો કે સાધારણ હતી, વૃદ્ધ મહિલાઓને કેટલીક નાણાકીય સ્વાયત્તતા પ્રદાન કરતી હતી અને કુટુંબો પર તેમનો માનવામાં આવતો બોજ ઘટાડતી હતી. જો કે, સંશોધકોએ નોંધ્યું કે પાત્ર વૃદ્ધ મહિલાઓમાંથી માત્ર 42% ખરેખર યોજનામાં નોંધાયેલી હતી, જે ખાસ કરીને વિધવાઓ અને અનુસૂચિત જાતિ અને જનજાતિની મહિલાઓમાં નોંધપાત્ર કવરેજની ખામીઓ સૂચવે છે.

કુમાર અને અગ્રવાલ (2014)એ વિવિધ રાજ્યોમાં IGNOAPS અમલીકરણને સંચાલિત કરતી વહીવટી પદ્ધતિઓનું વિશ્લેષણ કર્યું હતું, જેમાં નોંધણી પ્રક્રિયાઓ, ચુકવણીની નિયમિતતા અને ફરિયાદ નિવારણમાં નોંધપાત્ર તફાવતો ઓળખવામાં આવ્યા હતા. તેમના બહુ-રાજ્ય અભ્યાસે જાણ્યું કે મજબૂત વહીવટી પ્રણાલીઓ ધરાવતા રાજ્યોમાં લાભાર્થીઓને નિયમિત ચુકવણી મળતી હતી (85-90% સમયસર ડિલિવરી), જ્યારે નબળા પ્રદર્શન કરતા રાજ્યોએ 40% કેસોમાં છ મહિનાથી વધુનો વિલંબ દર્શાવ્યો હતો. સંશોધને રેખાંકિત કર્યું કે પંચાયત સ્તરે પર્યાપ્ત ક્ષમતા નિર્માણ વિના વિકેન્દ્રીકરણને કારણે ભ્રષ્ટાચાર, ભૂત લાભાર્થીઓ અને પાત્ર વ્યક્તિઓની બાકાત જોવા મળી હતી.

## અભ્યાસના હેતુઓ

ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્સન યોજનાની વૃદ્ધોના સામાજિક-આર્થિક પરિસ્થિતિ પર થયેલ અસરો તપાસવાનો હેતુ

## નિદર્શની પસંદગી

પ્રસ્તુત અભ્યાસમાં સંસોધકે નિદર્શની પસંદગી માટે સંભાવના નિદર્શન પદ્ધતિનો ઉપયોગ કરેલ છે. અભ્યાસ તાપી જીલ્લાના 4 તાલુકાઓ વ્યારા, વાલોડ, સોનગઢ અને ડોલવણ તાલુકાઓના સંદર્ભે હાથ ધરવામાં આવેલ છે. આ તાલુકાઓમાં છેલ્લા 3 વર્ષથી પેન્સન યોજના અંતર્ગત પેન્સન મેળવતા વૃદ્ધોની સંખ્યા 4786 હતી જે પૈકી 644 વૃદ્ધો 80 અને 80 થી વધુ વયના હતા જયારે 4142 વૃદ્ધો 60 થી 79 વર્ષની વયના હતા. અભ્યાસમાં આ વાસ્તવિક નિદર્શના 10 ટકા વૃદ્ધોને સમાવી લેવામાં આવેલ છે. આ 10 ટકા એટલે કે 479 વૃદ્ધોની પસંદગી spss સોફ્ટવેરની મદદથી કરેલ છે. (રેન્ડમ સેમ્પલીંગ) (479 પૈકી 65 વૃદ્ધો 80 અને 80 થી વધુ વયના, 414 વૃદ્ધો 80 થી ઓછી વયના)

## માહિતીનું એકત્રીકરણ અને વિશ્લેષણ

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક અને ગૌણ બન્ને સ્વરૂપની માહિતીનો ઉપયોગ કરવામાં આવેલ છે. અભ્યાસમાં વિષય સંબંધિત પ્રાથમિક માહિતીનું એકત્રીકરણ કરવા માટે સંશોધક દ્વારા નિરીક્ષણ, મુલાકાત તેમજ પ્રશ્નાવલી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે જયારે અભ્યાસમાં આવરી લેવામાં આવેલ ગૌણ માહિતી રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રકાશનો, અહેવાલો, પુસ્તકો તેમજ યોજના સંબંધિત વેબસાઈટ પરથી લેવામાં આવેલ છે. વધુમાં સંશોધકે એકત્ર કરેલ પ્રાથમિક માહિતીના વિશ્લેષણ માટે કોમ્પ્યુટર સોફ્ટવેર જેવા કે એક્સેલ અને SPSS નો ઉપયોગ કરેલ છે.

## અભ્યાસના મુખ્ય તારણો

- અભ્યાસમાં આવરી લેવામાં આવેલ 37 ટકા વૃદ્ધોએ જણાવ્યું હતું કે યોજના અંતર્ગત પેન્સન મળવાના પરિણામે તેમના કુટુંબ સભ્યો તેમની સાથે વધુ સારું વર્તન કરે છે. વૃદ્ધોએ જણાવ્યું હતું કે પેન્સન મળવાથી તેમના ઘરના સભ્યો તેમને વધુ સારું રાખે છે, માન સન્માન આપે, નાની મોટી જરૂરિયાતો માટે કોઈના ઉપર આધાર રાખવો પડતો નથી, ઘરના બાળકોને પણ પેન્સનમાંથી પૈસા આપે તો બાળકો પણ સ્નેહ રાખે છે.
- અભ્યાસમાં આવરી લેવામાં આવેલ 11.1 ટકા વૃદ્ધોએ જણાવ્યું હતું કે પેન્સન યોજનામાં જોડાયા બાદ તેમને આર્થિક સ્વતંત્રતા મળી હોઈ તેવું તેમને લાગે છે. તેમજ 1.3 ટકા વૃદ્ધોએ જણાવ્યું હતું કે પેન્સન યોજનામાં જોડાયા બાદ તેઓને થોડા અંશે સ્વતંત્રતા મળી હોઈ તેવું તેમને લાગે છે. વૃદ્ધોએ જણાવ્યું હતું કે પેન્સન યોજનામાં જોડાયા બાદ હવે જે પેન્સન તેઓને દર મહીને

મળે છે તે વાપરવા માટે તેઓ સ્વતંત્રત છે હવે ખર્ચ કરવા માટે તેમને કોઈના ઉપર આધાર રાખવો પડતો નથી.

- 75.6 ટકા વૃદ્ધો જે પૈકી 35.7 ટકા પુરુષો અને 39.9 ટકા મહિલા વૃદ્ધોએ જણાવ્યું હતું કે ઇન્દિરા ગાંધી વૃદ્ધ પેન્સન યોજનામાં જોડાયા બાદ તેમના જીવનમાં બદલાવ આવેલ છે. મોટાભાગના વૃદ્ધોએ જણાવ્યું હતું કે પેન્સન મળવાથી તેઓને આર્થિક મદદ થઇ રહે છે અન્યો ઉપરની આધારિતતા ઘટેલ છે, આર્થિક રીતે સ્વતંત્રતા મળેલ છે, તેમજ તેઓની બચત પણ થાય છે અને કુટુંબના સભ્યો પણ તેઓને વધુ સારું રાખે છે. આમ પેન્સન મેળવ્યા પહેલાની તુલનાએ પેન્સન યોજનામાં જોડાયા બાદ તેઓના જીવનમાં હકારાત્મક બદલાવ આવેલ છે તેવું વૃદ્ધોએ જણાવેલ હતું.
- અભ્યાસમાં આવરી લેવામાં આવેલ 88.3 ટકા વૃદ્ધોની અન્યો ઉપરની આધારિતતા ઘટાડવામાં ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્સન યોજનાએ યોગદાન આપેલ હતું. આ 88.3 ટકા પૈકીના 10.3 ટકા વૃદ્ધોએ જણાવ્યું હતું કે પેન્સન મળવાથી તેમને આર્થિક સ્વતંત્રતા મળી હોઈ તેવું તેમને લાગે છે.
- 76.4 ટકા વૃદ્ધો તેઓને મળનાર પેન્સનમાંથી બચત કરતા હતા. આ 76.4 ટકા પૈકીના 23 ટકા વૃદ્ધો પેન્સન યોજનામાં જોડાયા પહેલા બચત કરતા હતા નહિ. વૃદ્ધોનું કહેવું હતું કે પહેલા તેઓ પાસે આવક નહિ હોવાથી તેઓ બચત કરી શકતા હતા નહિ પરંતુ હવે પેન્સન મળે છે તેમાંથી તેઓ દર મહીને 100-200 રૂપિયા બચત કરે છે. વૃદ્ધોનું કહેવું હતું કે પહેલા ખેતી પશુપાલન કરતા તેના પૈસા ખેતી પશુપાલન તેમજ ઘર ચલાવવામાં વપરાય જતા હતા તેમજ થોડા ઘણા પૈસા ઘરે બચાવતા તો તે પણ વપરાય જતા હતા. બચત કરવું ઘણું અઘરું હતું પરંતુ હવે ઇન્દિરા ગાંધી વૃદ્ધ પેન્સના યોજના અંતર્ગત પેન્સન સીધું તેમના બેંકખાતામાં આવે છે એટલે તેઓ બેન્કમાંથી પેન્સનની જરૂર મુજબની રકમ ઉપાડે છે અને બાકીના પૈસા બેંકમાં બચત રહેવા દેય છે. 37.4 ટકા વૃદ્ધો પેન્સન યોજનામાં જોડાયા પહેલા બેંકમાં બચત કરતા હતા પેન્સન યોજનામાં જોડાયા બાદ આ પ્રમાણ વધીને 69.1 ટકા થવા પામેલ હતું.
- 21.1 ટકા વૃદ્ધોએ જણાવ્યું હતું કે પેન્સન યોજનામાં જોડાયા બાદ તેઓ આત્મનિર્ભર બન્યા છે જયારે 27.6 ટકા વૃદ્ધોએ જણાવ્યું હતું કે પેન્સન મળવાથી તેઓનું સન્માન વધ્યું છે.
- મોટાભાગના એટલે કે 82 ટકા વૃદ્ધોએ જણાવ્યું હતું કે પેન્સન મળવાને પરિણામે નાની નાની જરૂરિયાતો માટેની અન્ય ઉપરની આધારિતતા ઘટેલ છે જયારે 39.7 ટકા વૃદ્ધોએ જણાવ્યું હતું કે પેન્સન મળવાને પરિણામે તેઓ આર્થિક રીતે સ્વતંત્ર બન્યા છે.

- 95.8 ટકા વૃદ્ધોએ જણાવ્યું હતું કે તેઓ ઇન્દિરા ગાંધી વૃદ્ધ પેન્સન યોજનાથી સંતુષ્ટ છે. વૃદ્ધોનું કહેવું હતું કે સરકાર દ્વારા દર મહીને જે પેન્સન આપવામાં આવે છે તેના પરિણામે તેઓનું જીવન વધુ સરળ બનેલ છે. નાની મોટી જરૂરિયાતો માટેની અન્યો ઉપરની આધારિતતા તેઓની ઘટેલ છે.

## સમાપન

ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્સન યોજના એ ભારતના વૃદ્ધ નાગરિકોના જીવનમાં એક મહત્વપૂર્ણ પરિવર્તન લાવનારી યોજના સાબિત થઈ છે, જેણે વૃદ્ધોને માત્ર આર્થિક સહાય જ નહીં પરંતુ સામાજિક સુરક્ષા અને સન્માનપૂર્વક જીવન જીવવાનો અધિકાર પૂરો પાડ્યો છે. નિયમિત માસિક પેન્સન મળવાથી વૃદ્ધો પોતાની મૂળભૂત જરૂરિયાતો જેવી કે ખોરાક, દવા અને વસ્ત્ર માટે સ્વતંત્ર રીતે નિર્ણય લઈ શકે છે, જેથી તેમનો આત્મસન્માન અને આત્મવિશ્વાસ વધ્યો છે અને તેઓ અન્ય પર નિર્ભર રહેવાની ફરજ પડતી નથી. આ યોજનાની સૌથી મહત્વપૂર્ણ સિદ્ધિ એ છે કે જ્યારે વૃદ્ધો પાસે પોતાની આવકનો સ્ત્રોત હોય છે ત્યારે કુટુંબીજનો તેમને બોજ તરીકે જોવાને બદલે સન્માનપૂર્વક વર્તન કરે છે, પારિવારિક સંબંધોમાં મજબૂતાઈ આવે છે અને વૃદ્ધો પરિવારમાં વધુ સક્રિય ભૂમિકા ભજવી શકે છે. રાષ્ટ્રીય સામાજિક સહાયતા કાર્યક્રમના અગ્રણી ઘટક તરીકે આ યોજના ગરીબી રેખા હેઠળ જીવતા સમાજના સૌથી નબળા અને અસુરક્ષિત વૃદ્ધોને સામાજિક સુરક્ષાનો આવરણ પૂરો પાડીને તેમને માનવીય ગૌરવ સાથે વૃદ્ધાવસ્થા જીવવાની તક આપે છે. આર્થિક સહાય ઉપરાંત આ યોજનાના મનોવૈજ્ઞાનિક ફાયદા પણ અત્યંત મહત્વપૂર્ણ છે કારણ કે જ્યારે વૃદ્ધોને સરકારી સ્તરે માન્યતા અને સહાય મળે છે ત્યારે તેઓ સમાજનો મૂલ્યવાન ભાગ હોવાનું અનુભવે છે, જે તેમના માનસિક સ્વાસ્થ્ય પર સકારાત્મક અસર કરે છે અને તેમને નિરાશા તથા ઉદાસીનતાથી બચાવે છે. સંક્ષેપમાં, ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્સન યોજના એ સમાજ કલ્યાણ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાનો પુરાવો છે જેણે લાખો વૃદ્ધોને આત્મનિર્ભર, સન્માનિત અને સુરક્ષિત બનાવીને સમગ્ર દેશમાં વૃદ્ધોના કલ્યાણ, સશક્તિકરણ અને સામાજિક ન્યાયમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે, અને આ સરકારનો પ્રશંસનીય તથા અનુકરણીય પ્રયાસ વૃદ્ધોના સન્માનપૂર્ણ જીવન માટે એક મજબૂત આધારસ્તંભ તરીકે કામ કરે છે.

## સંદર્ભ સૂચી


- *Director, Social Defense*. (n.d.). Retrieved December 18, 2025, from https://sje.gujarat.gov.in/dsd/Schemes/2208?lang=english

- *PIB Headquarters*. (n.d.). Retrieved December 18, 2025, from http://www.pib.gov.in/PressNoteDetails.aspx?NoteId=155928
- *Year End Review 2024: PIB, MORD*. (n.d.). Retrieved December 19, 2025, from http://www.pib.gov.in/PressReleseDetail.aspx?PRID=2088996&utm_source&reg=3&lang=2
- *Kumar, V., & Agarwal, P. (2014). Administrative challenges in implementing old age pension schemes: A multi-state analysis. Economic and Political Weekly, 49(28), 75-83.*
- *Rajan, S. I. (2001). Social security for the elderly: Experiences from South Asia. Journal of Aging & Social Policy, 13(2-3), 5-24. https://doi.org/10.1300/J031v13n02_02*
- *Srivastava, S., & Mohanty, S. K. (2012). Gender dimensions of old age pensions in India. Asian Population Studies, 8(3), 287-309. https://doi.org/10.1080/17441730.2012.714671*